ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## નવસારીમાં 'ડોગ ટેરર', 306 લોકો ભોગ બન્યા

**કૂતરાંના** નિયંત્રણ, ખસીકરણ અને સ્થળાંતર માટે વધુ અસરકારક કામગીરી જરૂરી

નવસારીઃ નવસારી જિલ્લામાં રખડતા કૂતરાંનો પ્રશ્ન હવે લોકો માટે ભય અને ચિંતાનું કારણ બન્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન જિલ્લામાં કૂતરાંના હુમલાના 306થી વધુ બનાવો નોંધાતા ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો અને મહિલાઓમાં અસુરક્ષાની લાગણી વધી રહી છે.

શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં શેરીઓ અને રસ્તાઓ પર ટોળે વળેલા કૂતરાં અચાનક લોકો પર હુમલો કરતાં હોવાના બનાવો વધી રહ્યા છે. રમતા બાળકો અને સવારે-સાંજે ચાલવા નીકળતા વૃદ્ધો વધુ ભોગ બની રહ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. કેટલાક બનાવોમાં લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી છે. વધતા કેસોને કારણે નવસારી સિવિલ હોસ્પિટલમાં એન્ટી-રેબીઝ ઈન્જેક્શન લેવા આવતા દર્દીઓની સંખ્યામાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. ડોક્ટરો લોકોમાં સાવચેતી રાખવાની અપીલ કરી રહ્યા છે. સ્થાનિકોમાં એવી લાગણી જોવા મળી રહી છે કે, રખડતાં કૂતરાંના નિયંત્રણ, ખસીકરણ અને સ્થળાંતર માટે વધુ અસરકારક કામગીરી કરવાની જરૂર છે. લોકો દ્વારા તંત્ર સમક્ષ બાળકો અને વૃદ્ધોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા માંગ ઊઠી રહી છે. સમયસર યોગ્ય આયોજન અને અસરકારક કાર્યવાહી કરવામાં આવે તો આ વધતી સમસ્યામાંથી લોકોને રાહત મળી શકે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## આહવામાં બહુમતી છતાં કોંગ્રેસને ડર, વઘઇમાં 8-8 ટાઈથી રોમાંચ

**આહવા** અને વઘઇ તાલુકા પંચાયતમાં સત્તા માટે રાજકીય ગરમાવો ચરમસીમાએ

**ભાજપની** 'સામ-દામ-દંડ-ભેદ'ની નીતિ સામે કોંગ્રેસના સભ્યો 'અજ્ઞાતવાસ'માં

સાપુતારાઃ આહવા અને વઘઈ તાલુકા પંચાયતોમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણી બાદ સત્તા સ્થાપનાને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. બંને તાલુકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પહેલાં રાજકીય સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યા હોવાની ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી છે. આહવા તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાંથી કોંગ્રેસે 9 બેઠક જીતી સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે ભારતીય જનતા પાર્ટી (BJP)ને 7 બેઠકો મળી છે.


આંકડાકીય રીતે કોંગ્રેસ માટે સત્તા રચવી સહેલી જણાતી હોવા છતાં, સ્થાનિક સ્તરે ભાજપ દ્વારા સામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવીને સત્તા હસ્તગત કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની ચર્ચાઓ લોકમુખે ચાલી રહી છે. આ સંજોગોમાં કોઈ પ્રકારની તોડજોડ અથવા રાજકીય "નવાજૂની" ન સર્જાય તે માટે કોંગ્રેસે પોતાના તમામ 9 ચૂંટાયેલા સભ્યોને અજ્ઞાત સ્થળે મોકલી દીધા હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સભ્યો હાલ કોઈના સંપર્કમાં નથી અને તેઓ સીધા જ 25મી તારીખે યોજાનારી પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી દરમિયાન બેઠકમાં હાજર રહેશે. બીજી તરફ, વઘઈ તાલુકા પંચાયતમાં કુલ 16 બેઠકમાંથી ભાજપ અને કોંગ્રેસ-બંને પક્ષોને સમાન 8-8 બેઠકો પ્રાપ્ત થતાં રાજકીય સ્પર્ધા વધુ રોમાંચક બની છે.

સત્તા સ્થાપવા માટે બંને પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ગુજરાત પંચાયતી પક્ષાંતર વિરોધી કાયદા વચ્ચે પણ ભૂતકાળની ઘટનાઓને ધ્યાનમાં લેતાં રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે કે અંતિમ ક્ષણે કોઈ ચૂંટાયેલ પ્રતિનિધિ ગેરહાજર રહે અથવા પક્ષપલટાની સ્થિતિ સર્જાય તો નવાઈ નહીં. જૂથબંધી અને આંતરિક રાજકીય ગતિવિધિઓથી ખદબદતા હાલના રાજકીય માહોલમાં અંતે ડાંગ જિલ્લાનાં વઘઈ અને આહવા તાલુકા પંચાયતમાં કોણ સત્તાનો શિરમોર બને છે તે હવે 25મી તારીખે જ સ્પષ્ટ થશે.

## નવસારની નગીન જીવન ચાલમાં મોતની રાહ જોતું જર્જરિત મકાન!

નવસારીઃ નવસારી રેલવે સ્ટેશન નજીક આવેલા સ્ટેશન પશ્ચિમ વિસ્તારની નગીન જીવન ચાલમાં એક જર્જરિત મકાન હવે સ્થાનિકો માટે જીવલેણ ભયનું કેન્દ્ર બની ગયું છે. મકાન ગમે ત્યારે ધરાશાયી થઈ કોઈ નિર્દોષનો જીવ લઈ લે તેવી ભીતિ લોકો વ્યક્ત કરી રહ્યા છે. દીવાલો ખોખલી બની રહી છે અને છતના ભાગોમાંથી કાટમાળ ખસી રહ્યો હોવાના આક્ષેપો સ્થાનિકો કરી રહ્યા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ઉપરના જોખમી ભાગો ખાલી હોવા છતાં નીચે હજુ પરિવારો વસવાટ કરી રહ્યા છે. સ્થાનિક રહીશ મનોજકુમાર બદલભાઈના જણાવ્યા મુજબ આ ગંભીર મુદ્દે અગાઉ પણ અનેક વખત તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, છતાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

## પારડી ITI ફૂટ ઓવરબ્રિજના લટકતાં પતરાં જાણે લટકતી તલવાર


અમૃત પટેલ

- પારડી નેશનલ હાઈવે ૪૮ પર ચંદ્રપૂર આઈટીઆઈ પાસે કરોડોના ખર્ચે બનેલો ફૂટ ઓવરબ્રિજ ટ્રકની ટક્કરથી ક્ષતિગ્રસ્ત થયો હતો. ફુટ ઓવરબ્રિજ પર મુકેલા પતરાં અધ્ધર લટકી રહેતા અહીંથી અવરજવર કરતાં આઈટીઆઈ તેમજ સ્થાનિક રાહદારીઓ માટે હાલ પૂરતો બંધ કરવામાં આવ્યો છે. પરંતુ અધ્ધર લટકેલા પતરા અહીંથી પસાર થતાં વાહનચાલકો માટે જોખમી હોવાનું લાગી રહ્યું છે. હાઇવે ઓથોરિટીની બેદરકારીને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે, ફરી આવી જ ઘટનાની રાહ જોવાઈ રહી હોય તેવું પ્રતીત થઇ રહ્યું છે. નેશનલ હાઇવે ન.48 પર રોજના હજારો વાહનો અવરજવર કરે છે. ક્યારેક આ પતરાં કોઈના પર પડશે તો તેનો જવાબદાર કોણ?

## પરિણીતાને મેસેજ કરી પરિવારને ધમકી મુસ્લિમ યુવાન સહિત બે પકડાયા

**વાંસદામાં** રહેતા ટેલર ફૈઝલ શેખે પરિણીતાને પહેલા હેરાન કરી હતી ત્યારે સમાધાન થયું હતું

**જોકે,** બાદમાં ફરી ફોન પર મેસેજ કરી સમજાવવા આવેલા પતિ અને તેના સંબંધીને ધમકી આપી હતી

વાંસદાઃ ફ્રેન્ડશિપ કરવા માટે ફોન કરી દબાણ કરવામાં એક વખત સમાધાન કર્યા બાદ ફરી વાંસદાના એક મુસ્લિમ યુવાને હિન્દુ પરિણીતાને મોબાઈલમાં મેસેજ કરી સમજાવવા આવેલા પરિણીતાના પરિવારને ધમકી આપનાર મુસ્લિમ યુવાન અને તેના સંબંધીને પોલીસે પકડી પાડ્યા હતા.

ઘટનાની વિગતો પ્રમાણે, વાંસદાના નવા ફળિયા ખાતે મહિડા સાહેબની વાડી ખાતે રહેતો અને વાંસદા ટાવર પાસે ટેલરની દુકાન ચલાવતો ફૈઝલ દિલદાર હુસેન શેખએ ગત 28 અને 29 એપ્રિલે એક હિન્દુ પરિણીતાને ફોરન કરી વાત કરવા દબાણ કર્યું હતું. પરિણીતાએ ના પાડવા છતાં મારે તારી સાથે ફ્રેન્ડશિપ કરવી છે. મારે તને એકાંતમાં મળવું છે તે રીતે છેડતી કરી વાતો કરવાનો પ્રયત્ન કર્યો હતો અને પરિણીતાએ ફોન પર વાત કરવાની ના પાડતા તેના પતિ અને કાકા સસરાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ફૈઝલ પરિણીતા સામે કાયમ એકીટસે જોઈને ઈશારા પણ કરતો હતો. જેથી તેના પતિ અને પરિવારે ફૈઝલના મોટાભાઈ અફઝલ સાથે મળીને ફૈઝલને સમજાવ્યો હતો કે આવું કરે નહીં. જોકે તેમ છતાં બુધવારે ફરી ફૈઝલે પરિણીતાને સ્નેપચેટ પર તેના બે ફોટા મોકલી 'વ્હોટ હેપન્ડ?નો મેસેજ કરતાં પરિણીતાએ તેના પતિને બતાવ્યો હતો. પતિ અને સંબંધી પૈઝલના ઘરે જતાં ફૈઝલે ફરી મારી નાખવાની ધમકી આપી હતી. ફૈઝલની સાથે વાંસદા ખાતે રહેતો તેનો સંબંધી ચાંદ દિલદાર પણ ધમકી આપવામાં સામેલ હતો. બંને ધમકી આપીને ભાગી છૂટ્યાં હતાં. આ ઘટનાની જાણ વાંસદાના હિન્દુ સંગઠનને થતા મોટું ટોળું વાંસદા પોલીસ મથકે પહોંચ્યું હતું અને આરોપીને પકડવાની માંગ કરતા વાંસદાના પી.આઈ જે.વી. ચાવડાએ ફૈઝલ અને ચાંદને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.ના MSW વિદ્યાર્થીઓ સાથે અન્યાયનો આક્ષેપ

બીલીમોરાઃ ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના બીલીમોરા સ્ટડી સેન્ટરના MSW (માસ્ટર ઓફ સોશિયલ વર્ક) સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓએ સુરત ખાતે યોજાયેલા એક્સ્ટર્નલ વાઇવા દરમિયાન અન્યાય અને ભેદભાવપૂર્ણ વર્તન થયાનો આક્ષેપ કર્યો છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, મોડા એડમિશનને કારણે ૩૦ ફિલ્ડવર્ક વિઝિટ પૂર્ણ કરવા પૂરતો સમય મળ્યો નહોતો, છતાં એક્સટર્નલ વાઇવામાં અચાનક ૩૦ રિપોર્ટ્સની માંગણી કરી મુશ્કેલી ઊભી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વધુમાં આક્ષેપ કર્યો કે સામૂહિક ફિલ્ડ વિઝિટના સમાન રિપોર્ટ્સને આધારે તેમને નાપાસ કરવાની ધમકીઓ અપાઈ અને માનસિક ત્રાસ આપવામાં આવ્યો છે. કેટલાક વિદ્યાર્થીઓએ "તમારું રિઝલ્ટ જોઈ લેજો" જેવી ભાષાનો ઉપયોગ કરાયો હોવાનો દાવો કર્યો છે. સાથે જ ઓછા રિપોર્ટ ધરાવતા વિદ્યાર્થીઓને પાસ અને વધુ રિપોર્ટ ધરાવતા વિદ્યાર્થીઓને નિશાન બનાવવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ થયા છે. આ મામલે વિદ્યાર્થીઓએ રાજ્યપાલ, મુખ્યમંત્રી, યુનિવર્સિટીના અધિકારીઓ તેમજ કુલપતિ સુધી લેખિત રજૂઆત કરી નિષ્પક્ષ તપાસ અને રિપોર્ટ્સનું પુનઃમૂલ્યાંકન કરવાની માંગ કરી છે. વલસાડના સાંસદ ધવલ પટેલ અને ધારાસભ્ય ભરતભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે યુનિવર્સિટીને રજૂઆત કરી હોવાનું જાણવા મળે છે.

## જલાલપોર ગોલ્ડ લોન કૌભાંડમાં નકલી દાગીના બનાવનાર ઝડપાયો

**અગાઉ** નવસારી, સુરત, શામળાજીથી 6 આરોપી ઝડપાયા હતા

નવસારીઃ બેંક ઓફ બરોડાની જલાલપોર શાખામાં નકલી સોનાના દાગીના ગીરવે મૂકી લાખો રૂપિયાની ગોલ્ડ લોન કૌભાંડમાં નકલી દાગીના તૈયાર કરનાર મુખ્ય આરોપીને અમદાવાદના સોલા વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવતા કેસમાં નવા ખુલાસાઓ થવાની શક્યતા ઉભી થઈ છે.

આ મામલે બેંક મેનેજર પોરસભાઈ કેફીભાઈ ભાઠેએ જલાલપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ ચાર શખ્સોએ નકલી સોનાને અસલી તરીકે રજૂ કરી અંદાજે રૂ.21.39 લાખની ગોલ્ડ લોન મેળવી બેંક સાથે છેતરપિંડી આચરી હતી. પોલીસે અગાઉ નવસારી અને સુરતમાંથી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ તપાસ દરમિયાન આરોપીઓને નકલી દાગીના સપ્લાય કરનાર જયકુમાર વસંતભાઈ સોનીને રાજસ્થાન બોર્ડર નજીક શામળાજી ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી એલ.જી. રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. નકલી દાગીના તૈયાર કરનાર આરોપી અમદાવાદના સોલા વિસ્તારમાં હોવાની ચોક્કસ માહિતી મળતા પોલીસે દરોડો પાડી સુનીલકુમાર માણેકલાલ ચોક્સીની ધરપકડ કરી હતી. પૂછપરછમાં તેને કબૂલાત કરી હતી.

## નવસારીમાં નીટ વિવાદે લીધો રાજકીય રંગ

**પરીક્ષામાં** ગેરરીતિ અને પેપર લીકના આક્ષેપ સાથે કલેક્ટરને રજૂઆત

નવસારીઃ દેશની સૌથી મહત્વપૂર્ણ મેડિકલ પ્રવેશ પરીક્ષા ગણાતી 'નીટ'ને લઈને ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે અન્યાય થયો હોવાના આક્ષેપો વચ્ચે 'ભારતીય બહુજન હિતાય સંઘ' દ્વારા નવસારી કલેક્ટરને આવેદનપત્ર આપી સમગ્ર મામલે રાષ્ટ્રપતિ સ્તરે હસ્તક્ષેપ કરવાની માંગ કરવામાં આવી છે.

સંઘના સંસ્થાપક એડવોકેટ પરેશકુમાર એમ. વાટવેચાએ આક્ષેપ કર્યો છે કે પેપર લીક, ચોક્કસ પરીક્ષા કેન્દ્રોમાંથી અસામાન્ય પરિણામો અને કેટલાક વિદ્યાર્થીઓને અપાયેલા ગ્રેસિંગ માર્ક્સ અંગે દેશભરમાં શંકા અને રોષનો માહોલ ઉભો થયો છે. સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## નવસારીના વિરાવળમાં કરોડોની જમીન પર કબજો

**તાર** ફેન્સિંગ કરી જમીન પચાવી પાડવાનો આક્ષેપ, 9 શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો

નવસારીઃ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વિરાવળ ગામમાં ખેતીની કરોડો રૂપિયાની કિંમતી જમીન પર ગેરકાયદે કબ્જો જમાવી જમીન પચાવી પાડવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે..

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફરિયાદી ગંગાબેન સોમાભાઈ આહિર (રહે., માણેકપોર-ટંકોલી, જલાલપોર)ની માલિકીની વિરાવળ ગામે આવેલી ખાતા નંબર 358, બ્લોક/સર્વે નંબર 328(બ)ની આશરે 1434 ચોરસ મીટર જૂની શરતની ખેતીની જમીન પર વર્ષ 2021થી આરોપીઓ દ્વારા ગેરકાયદે રીતે કબજો જમાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. આરોપીઓએ જમીન ફરતે તાર ફેન્સિંગ કરી પોતાનો દબદબો ઊભો કરવાનો પ્રયાસ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ કેસમાં દેવીબેન આહિર, સોમાભાઈ આહિર, રવજીભાઈ આહિર, વસંતભાઈ આહિર, બાબુભાઈ સુખાભાઈ આહિર, છીતુભાઈ સુખાભાઈ આહિર, જશુબેન નગીનભાઈ આહિર, ગીતાબેન નગીનભાઈ આહિર અને દિલીપભાઈ નગીનભાઈ આહિર સામે ગુનો નોંધાયો છે. ફરિયાદ મુજબ, જમીન ખાલી કરવા મુદ્દે રજૂઆત કરતાં આરોપીઓએ ગાળાગાળી કરી ઝઘડો આદરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આખરે પીડિત મહિલાએ પોલીસનો દરવાજો ખટખટાવતા નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર કેસની તપાસ એસ.કે. રાય ચલાવી રહ્યા છે.

## ઉમરગામના પળગામમાં દંપતીએ પ્રેમીને મોતને ઘાટ ઉતાર્યો

**મહારાષ્ટ્રની** તલાસરી પોલીસે હત્યાનો ભેદ ઉકેલી બેને ઝડપી પાડ્યા




ઉમરગામઃ મહારાષ્ટ્રની તલાસરી પોલીસે ઉમરગામના પળગામના યુવાનની હત્યાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલ્યો છે. પતિ-પત્નીએ બંનેએ ભેગા મળીને પત્નીના પ્રેમી યુવાનને ધારદાર હથિયારથી ઘા ઝીંકી પતાવી દીધો હતો.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ કેસની વિગત એવી છે કે ઉમરગામના પળગામ અગરમોરા ફળિયામાં રહેતા ઈતનેશ રાજનભાઈ માછી (ઉં.વ.33) મંગળવારે ઘરેથી નીકળ્યા બાદ પરત ઘરે આવ્યો ન હતો અને તેની મરણ હાલતમાં લાશ બુધવારે તલાસરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં કુરુજ ડેમ પાસે ખુલ્લી જગ્યામાં લોહી લુહાણ હાલતમાં પડેલી મળી હતી. આ યુવાનને માથાના ભાગે ધારદાર હથિયારથી ઈજા પહોંચાડી હત્યા કરવામાં આવી હતી.

મરણ જનારના મળેલા આધાર કાર્ડના આધારે તલાસરી પોલીસે ઉમરગામ પોલીસનો સંપર્ક કરી પરિવારજનોને આ ઘટનાની જાણ કરી હતી. તલાસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ હત્યાના ગુનામાં પોલીસને પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે મરણ જનાર ઈતનેશને પળગામ પડોશમાં જ મહાદેવ ફળિયામાં રહેતી એક પરણીતા સાથે પ્રેમ સંબંધ હતો. આ શંકાના આધારે પોલીસે પડોશમાં જ રહેતી પરિણીતાની અને તેના પતિની પૂછપરછ હાથ ધરી હતી. તે વખતે પોલીસ તપાસમાં બંનેએ હત્યા કરી હોવાની કબૂલતા પોલીસ સમક્ષ કરતાં આ બંનેની મહારાષ્ટ્રની તલાસરી પોલીસે અટક કરી હતી અને વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કપરાડા તાલુકાના સુથારપાડામાં પોલીસ પોસ્ટ ઊભી કરાશે



વલસાડઃ કપરાડામાં એ.એસ.પી. ડો.સંદીપ. ટી (આઈ.પી.એસ)ની અધ્યક્ષતામાં પોલીસ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે અકસ્માત ઝોન કુંભઘાટમાં વધુ બમ્પર, ગામોમાં સીસીટીવી કેમેરા, વાહન ચોરી, આંતરિક મુખ્ય માર્ગો ઉપર બમ્પર બનાવવા, સી.એચ.સી.માં સ્વીપરનો અભાવ સહિતના મુદ્દે ચર્ચા થઈ હતી. એ.એસ.પી.એ કપરાડા બજારમાં સીસીટીવી. ફિટ કરવા માટે માજી સરપંચ ચંદર ગાયકવાડ અને ટીમની સરાહના કરી હતી. આગેવાનોએ અકસ્માત ઝોન કુંભઘાટમાં વધુ બમ્પર બનાવવા, ગામોમાં સીસીટીવી લગાવવા, વાહનચોરી સહિતની રજૂઆતો કપરાડા પોલીસ લોક દરબારમાં કરી હતી. ડો.સંદીપ ટી.એ જણાવ્યું કે, સરહદી ગામો સુથારપાડામાં નવી પોલીસ પોસ્ટ ઊભી કરવા અને હેદલબારીમાં અદ્યતન પોલીસ પોસ્ટ ઊભી કરાશે.

### બીલીમોરા વૃદ્ધાશ્રમમાં વડીલો સાથે અનોખા જન્મદિવસની ઉજવણી


કેરસી બારીયા

બીલીમોરાઃ આજકાલ હોટેલ કે પાર્ટી પ્લોટમાં બર્થડે ઉજવવાના ટ્રેન્ડ વચ્ચે, વલસાડના જેસપોર ગામના વૈશાલીબેન હિરેનભાઈ પટેલે માનવતા મહેકાવી છે. તેમણે બીલીમોરાના મહાવીર વૃદ્ધાશ્રમ ખાતે સહકુટુંબ જઈ વડીલોને પ્રેમપૂર્વક ભોજન અને ફળોનું વિતરણ કરી અનોખી રીતે જન્મદિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે લાગણીસભર વાતાવરણ સર્જાયું હતું. પરિવારજનો દ્વારા વૃદ્ધો સાથે હળીમળી વાતચીત કરવામાં આવી હતી, જેના કારણે અહીં રહેતા વડીલોના ચહેરા પર આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. વડીલોએ પરિવારને આશીર્વાદ આપ્યા હતા. વૃદ્ધાશ્રમના સંચાલક માધવલાલ પુરોહિતે આ પહેલને બિરદાવતા તેને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવી હતી. સ્થાનિક લોકોએ પણ વૈશાલીબેન પટેલ પરિવારની આ સેવાભાવી કામગીરીને ખૂબ વખાણી હતી.

### ડાંગ કલેક્ટર લવચાલી ખાતે જનભાગીદારી અભિયાનની મુલાકાત લીધી


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ અંતર્ગત સુબીર તાલુકાના લવચાલી ગામે યોજાયેલ 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' તેમજ 'પ્રધાનમંત્રી જનજાતિય ન્યાય મહા અભિયાન'ના કાર્યક્રમમાં ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારે કેમ્પની જાત મુલાકાત લઇ અહીં અપાતી સરકારી સેવાઓ તેમજ યોજનાકીય લાભો અંગેની જાણકારી મેળવી, વધુમાં વધુ લાભાર્થીઓને સરકારના યોજનાકીય લાભો લેવા જણાવ્યું હતું. કલેક્ટરની આ મુલાકાત દરમિયાન સુબીર તાલુકા મામલતદાર આઇ.એમ.સૈયદ, સુબીર તાલુકા વિકાસ અધિકારી ધીરુભાઇ ભોયા ઉપસ્થિત રહ્યાં હતા.

### માલેગામ ખાતે રામાનંદ સંપ્રદાયના આધ્યાત્મિક કેન્દ્રમાં ભવ્ય પ્રબોધન-પ્રવચન કાર્યક્રમ


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના માલેગામ (સાપુતારા) ખાતે તા. 20/05/2026ના રોજ જગદગુરૂ રામાનંદાચાર્ય નરેન્દ્રાચાર્ય મહારાજના રામાનંદ સંપ્રદાય ડાંગ દ્વારા ભવ્ય સંતસંગ કેન્દ્ર ખાતે પ્રબોધન-પ્રવચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લાનાં ત્રણેય તાલુકાઓ ઉપરાંત મહારાષ્ટ્રના સુરગાણા તાલુકામાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન પાલખીયાત્રા, હરિપાઠ, આરતી તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જગદગુરૂ નરેન્દ્ર મહારાજ સંસ્થાનના પ્રબોધનકાર કાલિદાસ ઉરાડેએ ઉપસ્થિત ભાવિકોને ગદગુરૂનાં પરોપકારી મંત્ર "તમે જીવો અને બીજાને જીવવામાં સહાય કરો"નું પાલન કરીને પોતાનું તેમજ સમાજનું કલ્યાણ કરવા તેમણે અપીલ કરી હતી.

### ડાંગની ફ્રેની ચૌધરીની અન્ડર-15 મહિલા ક્રિકેટમાં પસંદગી થતાં CMએ અભિનંદન પાઠવાયાં



સાપુતારાઃ આહવાના ચીરાપાડા ગામની ૧૩ વર્ષીય ફ્રેની એ. ચૌધરીની બીસીસીઆઈ અન્ડર-15 મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી થતાં સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી પ્રસરી છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફ્રેનીને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ પોતાના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે ફ્રેનીની ક્રિકેટ ક્ષેત્રે સિદ્ધિ ડાંગ જેવા અંતરિયાળ આદિવાસી વિસ્તારમાંથી ઉભરતી પ્રતિભાનો ઉત્તમ દાખલો બની છે.

### ડાંગ જિલ્લામાં ઝરી ગામની પાણીની સમસ્યાનું નિરાકરણ

સાપુતારાઃ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ડાંગ જિલ્લામાં સરેરાશ સો ઈંચ વરસાદ પડે છે. તેમ છતાં ડુંગરાળ, ખડકાળ, અને ઢોળાવવાળી જમીન હોઈ, આ વરસાદી પાણી જમીનના ઊંડા કોતરો અને ખડકોમાં ઊતરી જતાં અહીં પાણીના સ્તર ખૂબ નીચે ઊતરી જવાથી વર્ષાન્તે આવી સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. સુબીર તાલુકાના ઝરી ગામના પાંચ ફળિયા અને અંદાજિત સાડા ચાર હજાર જેટલી વસતીને ઉનાળાના આખરે પાણીની સમસ્યા સામે ઝઝૂમતા જોઈને, અને આ અંગેના અખબારી અહેવાલોને ધ્યાને લઈ, જાગૃત જનપ્રતિનિધિ એવા ધારાસભ્ય વિજયભાઈ પટેલ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સમગ્ર યોજનાની જાત માહિતી મેળવવા ઝરી ગામે ધસી ગયા હતા. સ્થાનિક સરપંચ અંકિતભાઈ બરડે અને પાણી સમિતિના સભ્યો, જાગૃત ગ્રામજનો, અને અસરગ્રસ્તોને સાથે રાખી વિજય પટેલે પૂર્ણા નદીમાંથી ગામના કુવાઓમાં પાણી લાવી, ગ્રામજનોની સમસ્યાના નિવારણ અર્થે કાર્યવાહી હાથ ધરી હતી.